# સહકાર વિકાસ યોજના પાયલોટ પ્રોજેકટમાં બનાસકાંઠા જિલ્લાનો સમાવેશ થયો

પાલનપુર તા.૨૯

ભારત સરકારના સહકાર મંત્રાલય દ્વારા ભારતભરમાં સહકારી પ્રવૃતિઓનો વ્યાપ



વધારવા અનેક વિધ પગલાઓ લેવાઈ રહયા છે તે અંતર્ગત સહકાર વિકાસ યોજનાના પાયલોટ પ્રોજેકટના અમલીકરણ માટે ગુજરાતમા સહ પ્રથમ બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લાની પસંદગી થતા સહકારી પ્રવૃતિમાં નવો પ્રાણ ફૂંકાશે.

આ યોજનામાં સહકારી ક્ષેત્રના નાણા સહકારી સંસ્થાઓમાં રહે અને તેમાંથી જ નાણાંની જરૂરીયાતો સંતોષાય, દરેક ગામની મંડળી સક્ષમ બને અને ગ્રામ્ય લેવલે જ અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ થાય તેઓ ઉમદા હેતુ રહેલ છે. જિલ્લાની મધ્યસ્થ સહકારી બેંક બનાસબેંક દ્વારા દરેક શાખાઓ, મોટી




મંડળીઓ ઉપર એ.ટી.એમ. સુવિધા તથા અન્ય તમામ મંડળીઓ ઉપર માઈક્રો એ.ટી.એમ. મુકવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે તથા તમામ ખાતેદારોને ડેબીટ કાર્ડ આપવામાં આવી રહયા છે. જેથી ખેડૂતો, દૂધ ઉત્પાદકોને ઝડપથી ગમે ત્યારે નાણા મળી રહેશે. આ ઉપરાંત મંડળીઓ લોકોની જરૂરીયાત મુજબ અનેક વિધ નવા કાર્યો કરી શકશે. આ માટે દરેક મંડળીઓને કોમ્પ્યુટર તથા જરૂરી તાલીમ આપવાનું કાર્ય નાબાર્ડ તથા અન્ય સહકારી સંસ્થાઓ કરી રહી છે. બનાસકાંઠામા શરૂ થયેલ પાયલોટ પ્રોજેકટની સમીક્ષા કરી અન્ય જિલ્લાઓમા આ યોજનાનું અમલીકરણ કરવામાં આવશે.

સહકારી ક્ષેત્રનો વિકાસ થતા દેશના અર્થતંત્ર ઉપર હકારાત્મક અસર પડશે તેમજ ખેડૂતો અને ગ્રામ્ય વિકાસ, પશુપાલન અને ખેતીને આનુસંગીક કાર્યોના વ્યાપ વધશે સાથે સાથે ગ્રામ્ય કક્ષાએ નવી રોજગારી આપતા ક્ષેત્રો નિર્માણ પામશે.

## બજારમાં વરસાદ પછી તેજી, ડ્રાયફ્રૂટના ભાવમાં ૫ થી ૭ ટકાનો વધારો

# સાબરકાંઠા, અરવલ્લીમાં ગૌરીવ્રતનો પ્રારંભ, શિવ મંદિરોમાં ભીડ ઉમટશે: શનિવારથી જયાપાર્વતી વ્રતનો પ્રારંભ થશે : વ્રતમાં મોંઘવારી દેખાઈ

બાયડ, તા.૨૯

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં નિયમિત ચોમાસુ જામ્યું નથી પરંતુ સમુદ્રી વાવાઝોડાના કારણે સમગ્ર જિલ્લામાં વાવણી લાયક વરસાદના કારણે બજારમાં તેજી જોવા મળી છે. મોલ, કરીયાણાની દુકાન તેમજ ડ્રાયફ્રૂટની દુકાનોમાં ગૌરીવ્રત નિમિત્તે ડ્રાયફ્રૂટના ઢગ ખડકાયા છે. વ્રત દરમ્યાન ડ્રાયફ્રૂટના ભાવમાં મોંઘવારી જોવા મળી રહી છે. ગત વર્ષની સરખામણીએ કેટલાક ડ્રાયફ્રૂટના ભાવમાં ૫ થી ૭ ટકાનો ભાવ વધારો તો કેટલાકમાં અગાઉ જેટલો ભાવ જળવાઈ રહ્યો છે. આજથી ગૌરીવ્રત હોવાના કારણે જિલ્લાના શિવ મંદિરોમાં પૂંજા માટે ભીડ જામશે. આગામી શનિવારથી જયા પાર્વતી વ્રતનો પ્રારંભ થશે. પ્રાપ્ત જાણકારી અનુસાર અષાઢી બીજ પછી હવે આગામી દિવસોમાં વ્રત સહિત તહેવારોનું આગમન શરુ થઈ ગયું છે. ખાસ કરીને ગૌરીવ્રતની શરુઆત થતી હોવાથી બજારો સજ્જબન્યાં છે. તેની પૂર્વ સંધ્યાએ અનેક બાલિકાઓ અને વ્રતધારી કન્યાઓએ હાથે મહેંદી મૂકી વ્રતની ઉજવણી માટે સજ્જ બન્યા છે. જિલ્લાના હિંમતનગર, ઈડર, મોડાસા, બાયડ, તલોદ, પ્રાંતિજ, ધનસુરા, ભિલોડા, વડાલી, વિજયનગર, ખેડબ્રહ્મા, માલપુર, મેઘરજ, પોશીના સહિતના તમામ બજારોમાં ડ્રાયફ્રૂટના ઢગ ખડકાયા છે. વેપારીઓએ પણ જણાવી રહ્યા છે કે ડ્રાયફ્રૂટમાં બહુ મોંધવારીનો માર દેખાયો નથી અને વ્રત શરુ થયું તેની પૂર્વ સંધ્યાએ બજારોમાં ઠીક ઠીક ખરીદી જોવા મળી. એકંદરે ભાવમાં સરેરાશ ૭ ટકા જેટલો વધારો થયો છે. દરેક પરિવાર માટે કાળજાના કટકા સમાન દિકરીઓનું કોઈપણ વ્રત હોય તેમાં મા-બાપ ખર્ચ કરવામાં પીછેહઠ કરતા નથી. આજથી ગૌરીવ્રતનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે શિવ મંદિરોમાં લાંબા સમય પછી વ્રતધારી કન્યાઓના



કારણે ભીડ જામશે. પૂજારીઓએ પણ દેવમંદિરોમાં પૂંજા સમયે કઈ સામગ્રી અને કેટલો ચાર્જ લેવામાં આવશે તે પણ જાહેર કરી દીધો છે.

# ઉત્તર ગુજરાતમાં જેટકોના એન્જીનિયર્સ-કર્મચારીઓનું આંદોલન ૩ જુલાઈ સુધી મોકૂફ

## વેગ પકડતા આંદોલનમાં એકાએક બ્રેક વાગતાં ગમે ત્યારે તડાં પડવાની સંભાવના

બાયડ, તા.૨૯

વિવિધ પડતર માંગણીઓ મુદ્દે રાજ્ય સહિત ઉત્તર ગુજરાતના જેટકોના એન્જીનિયર્સ-કર્મચારીઓએ ગત રોજ માસ સી.એલ. પર ઉતર્યા પછી બુધવારથી અચોક્કસ મુદતની હડતાલ ઉપર જવાના હતા. પરંતુ જેટકો દ્વારા વિવિધ માગણીઓ મુદ્દે ઉર્જા મંત્રી દ્વારા મીટીંગ બોલાવીને ઉકેલની હૈયાધારણા મળતાં આગામી તા.૩ જુલાઈ સુધી આંદોલન મોકુફ રહ્યું છે. વેગ પકડતા આંદોલનમાં એકાએક બ્રેક વાગતાં ગમે ત્યારે સંગઠનમાં તડાં પડવાની દહેશત પણ સેવાઈ રહી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર છેલ્લા કેટલાય સમયથી જેટકોના કર્મચારીઓના અનેક પડતર પ્રશ્નો અને અન્યાય મુદ્દે ઉકેલ આવતો ન હતો અને તેમની માગણીઓનો અસ્વીકાર થતાં જીબીયા દ્વારા જલદ કાર્યક્રમની ઘોષણા કરાઈ હતી જે મુજબ ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના ૧૨ હજાર કર્મચારીઓ મંગળવારે માસ સી.એલ. પર ઉતરતાં વિજતંત્રની કામગીરીને માઠી અસર થઈ હતી અને બુધવાર સવારથી અચોક્કસ મુદતની હડતાલ ઉપર ઉતરવાના હતા પરંતુ જીબીયા કોર કમીટી મેમ્બર્સ, એ.જી. વિકાસના સિનિયર સેક્રેટરીની ઉપસ્થિતિમાં આંદોલન મુદ્દે ચર્ચા થઈ હતી પરંતુ ઉર્જા મંત્રીએ યોગ્ય ઉકેલ માટે આગામી તા.૩ જુલાઈના રોજ મીટીંગનું આયોજન કરતાં હાલ આંદોલન સ્થગિત રાખવામાં આવ્યું છે. ૩ જુલાઈના રોજ મીટીંગમાં ફળદાયી ઉકેલ નહીં આવે તો કર્મચારીઓ ફરીથી આંદોલનનો જંગ છેડી શકે છે.

# ખેડબ્રહ્માના ધારાસભ્યના તબીબ પત્નિના મોબાઈલની ચીલઝડપ

## પોલીસે ગણતરીના કલાકોમાં મોબાઈલ સાથે ઈસમને ઝડપ્યો

બાયડ, તા.૨૯

ખેડબ્રહ્માના ધારાસભ્યના તબીબ પત્નિનો સુરત ખાતેથી મોબાઈલ ફોનની ચીલઝડપ થતાં પોલીસ દોડતી થઈ હતી. ગૃહમંત્રીના હોમ ગ્રાઉન્ડમાં કોંગ્રેસના ધારાસભ્યના પત્નિનો ચોરાયેલો મોબાઈલ શોધવા માટે પોલીસે તમામ તાકાત કામે લગાડી હતી જેમાં ચીલઝડપ કરનાર ઈસમને પકડી મોબાઈલ કબજે લીધો છે.



મળેલ જાણકારી મુજબ સાબરકાંઠાના ખેડબ્રહ્માના વર્તમાન ધારાસભ્ય ડૉ.તુષાર ચૌધરીનાં પત્નિ ડૉ.દિપ્તિબેન સુરતની સ્મીમેર હોસ્પિટલમાં સિનિયર ફિજીયોથેરાપીસ્ટ તરીકે ફરજ બજાવી રહ્યાં છે. તાજેતરમાં મોબાઈલ તસ્કરે તેમની પાસેથી મોબાઈલ ફોનની ચીલઝડપ કરી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે ધારાસભ્યનાં પત્નિએ પોલીસને જાણ કરતાંની સાથે પોલીસની જુદી જુદી ટીમો દોડતી થઈ હતી જેમાં સુરતના મેઈન રોડ બી.આર.ટી.એસ. સોસાયટીઓ, દુકાનો તેમજ સ્થાનિક પોલીસ સ્ટેશન અને પોલીસ કંટ્રોલ રુમના સી.સી.ટીવી કેમેરા તપાસવામાં આવ્યા દરમ્યાન પોલીસે બાતમીના આધારે સારોલી મોડલ ટાઉન રેસીડેન્સીમાં રહેતા સૌરવ વિજયભાઈ મુંદ્રાને દબોચી પૂછપરછ શરુ કરતાં તેને મોબાઈલની ચીલઝડપ કબુલી હતી જેથી પોલીસે ગુનો આચરવામાં ઉપયોગમાં લેવાયેલ એક્ટિવા તેમજ મોબાઈલ ફોન કબજે લીધો છે. રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીના મત વિસ્તારમાંથી પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ખેડબ્રહ્માના ધારાસભ્યનાં તબીબ પત્નિના મોબાઈલની ચીલઝડપની ઘટનાનો પોલીસે ભેદ ઉકેલી નાખતાં સૌએ રાહત અનુભવી છે.

# બનાસ બેંકનું ધિરાણ લઈ પરત ન ચુકવતા વિવિધ બાકીદારોને સજા ફરમાવતી જિલ્લાની કોર્ટો

પાલનપુર તા.૨૯

બનાસબેંકમાંથી વિવિધ હેતુ માટે ધિરાણ મેળવી સમયસર પરત ન ચુકવતા બાકીદારો સામે નેગોશીએબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ બેંક દ્વારા કેશ દાખલ કરવામાં આવેલ હતા. બેંકની આતો અને પ્રાવાઓને ધ્યાનમાં લઈ. નામદાર ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ પાલનપુર દ્વારા બનાસકાંઠા આમ આદમી પાર્ટીના નેતા પટેલ ભેમાભાઈ રૂગનાથભાઈ મુ.ડીસા ના રૂા.૧૫,૫૫,૨૫૭/- નો ચેક પરત ફરતા એક વર્ષની સાદી કેદ તથા એક મહિનામાં રકમ ન ચુકવે તો વધુ છ માસની કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત નામદાર. એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કલાસ પાલનપુર દ્વારા રજી મદાર સોલંકી મુ.વડગામના રૂ.૧૨,૮૪,૪૩૮/- નો ચેક બાઉન્સ થતા છ માસની સાદી સજા અને એક માસમાં રકમ ન ભરે તો વધુ એક માસની રાજા ફટકારી છે, આ ઉપરાંત પ્રજાપતિ ચમનભાઈ વેલાબાઈ મુ.રાધનપુરના રૂા.૬,૬૮,૫૨૨/- ની રકમનો ચેક બાઉન્સ થતા છ માસની સજા અને એક માસમા રકમ ન ભરે તો વધુ એક માસની સજા ફટકારી છે, બીજા નામદાર એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, પાલનપુર દ્વારા ચૌધરી રાહુલભાઈ લાલાભાઈ મુ.ડીસાનો રૂા.૨૫,૨૩,૧૦૦/- નો ચેક બાઉન્સ થતા બે વર્ષની સાદી સજા અને એક માસમા રકમ ન ભરે તો વધુ છ માસની સજા ફટકારી છે, આમ લોન લઈ વલાત ન ભરતા બાકીદારો સામે કોર્ટે કડક વલણ અખત્યાર કરતા અન્ય બાકીદારોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.


# મલપુર-ધનસુરામાં સાંબેલાધાર વરસાદ,બજારોમાં પાણી ફરી વળ્યાં

## ધનસુરા પંથકમાં ૧નું મોત, બાયડ જીતપુરમાં આભ ફાટ્યું

મોડાસા, તા. ૨૯

ગુજરાતમાં હવામાન વિભાગે વધુ પાંચ દિવસ ભારે વરસાદની આગાહી કરી છે ત્યારે અરવલ્લી જીલ્લાના અનેક વિસ્તારોમાં મેઘરાજાએ ધબધબાટી ફરજ પડી હતી રોડ-રસ્તા પરથી નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા ગ્રામ્ય વિસ્તારોમાં ખેતરો બેટમાં ફેરવાતા ખેતીને નુકશાન થવાની દહેશતને પગલે ખેડૂતો ચિંતિત બન્યા હતા ધનસુરા પંથકમાં સાંબેલાધાર વરસાદ ખાબકતા મોડાસા-કપડવંજ હાઈવેસહીત બજારમાં પાણી ફરી વળ્યાં હતા અમરાપુર ગામ નજીક વાંઘામાં યુવક ડૂબી જતા ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી કામગીરી હાથધરી હતી. બાયડ તાલુકાના જીતપુર ગામમાં મેઘરાજા





બોલાવી છે માલપુર-ધનસુરા સહીત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો ધનસુરા તાલુકાના અમરાપુર ગામનો યુવક વાઘામાં તણાઈ જતા મોત ભેટ્યો હતો ધનસુરાના કનાલમાં વીજળી પડતા ૩૬ ઘેટાં-બકરાનું મોત થતા માલધારી પર આભ તૂટી પડ્યું હતું બાયડ તાલુકાના જીતપુર ગામમાં એક કલાકમાં ચાર ઈંચ વરસાદ ખાબકતા જળબંબાકાર જેવી સ્થિતિનું નિર્માણ થતા ગામલોકો ફફડી ઉઠ્યા હતા મોડાસા શહેર અને તાલુકામાં વરસાદી ઝાપટા પડતા વાતાવરણમાં શીત લહેર પ્રસરી હતી. અરવલ્લી જીલ્લામાં સતત બીજા દિવસે અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો માલપુરમાં બીજા દિવસે મેઘરાજાએ ધબધબાટી બોલાવતા બજારમાં પાણી ઘુસી ગયા હતા બજારમાં પાણી ફરી વળતા ૪૦ થી વધુ દુકાનો બંધ કરવાની કોપાયમાન થયા હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે એક કલાકમાં ચાર ઈંચથી વધુ વરસાદ ખાબકતા જીતપુર ગામમાં અત્ર તત્ર સર્વત્ર વરસાદી પાણી ફરી વળ્યાં હતા રોડ-રસ્તા પરથી નદીઓ વહી હતી નીચાણવાળા વિસ્તરો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા તદઉપરાંત ખેતરો બેટમાં ફેરવતા ખેડૂતો સહીત ગામ લોકો ચિંતામાં ગરકાવ થઈ ગયા હતા જીતપુર ગામમાં એક કલાકમાં મેઘગર્જના અને વીજળીના કડાકા-ભડાકા સાથે મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ જોઈ લોકો રીતસર ફફડી ઉઠ્યા હતા

## "ખાડો ખોદે તે પડે" ની કહેવત મોડાસા નગરપાલિકાએ બદલી

# ખાડા ખોદે પાલીકા અને ભોગ બને નગરજનો, ઋષિકેશ સોસાયટીમાં ખાડારાજ.....!!!!

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં નગરપાલિકા તંત્રનો વહીવટ જાણે અંધેરી નગરીને ગંડુ રાજાની માફક ચાલી રહ્યો હોય તેવું નગરજનો અહેસાસ અનુભવી રહ્યા છે મોડાસા શહેરમાં વિકાસના કામોના નામે આડેધડ રોડ, રસ્તા ખોદી નાખવામાં આવ્યા પછી યોગ્ય સમારકામ કે સમયસર રોડ કામ ન થતા શહેરીજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે નગરપાલિકા તંત્ર પણ નિંભર નિંદ્રામાં પોઢી જતા વિકાસના કામ કરતા કોન્ટ્રાકટરો અણઘડ કામગીરીથી લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે રત્નદીપ સોસાયટી



થી ઋષિકેશ સોસાયટી રોડ પર ભૂગર્ભ ગટર યોજનામાં રોડ ખોદી નાખ્યા બાદ યોગ્ય પૂરણના અભાવે ભુવા પડતા લોકો જીવના જોખમે પસાર થઈ રહ્યા છે.

મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા ચોમાસુ નજદીકમાં હોવા છતાં રત્નદીપ સોસાયટી થી ઋષિકેશ સોસાયટી રોડ પર ભૂગર્ભ ગટર યોજના હેઠળ સમગ્ર રોડ ખોદી નાખી ભૂગર્ભ ગટરની પાઈપલાઈન નાખ્યા પછી કોન્ટ્રાકટરે રોડ-રસ્તાનું યોગ્ય સમારકામ નહીં કરતા સમગ્ર રોડ કાદવ કીચડ અને ભુવા પડતા રોડ પરથી પસાર થતા રાહદારીઓ અને વાહન ચાલકો ભુવામાં ખાબકતા શારીરિક નુકશાની વેઠી રહ્યા છે કૃષ્ણનગર સોસાયટી પ્રવેશદ્વારે સામાન્ય વરસાદમાં ભુવો પડતા રીક્ષા ભુવામાં પડતા ખોટકાઈ જતા લોકો મદદે દોડી આવી મહામહેનતે રિક્ષાને બહાર કાઢી હતી.કૃષ્ણનગર સોસાયટીના રહીશોના જણાવ્યા અનુસાર,રોડ પર ભુવોપડતા નિર્દોષ વાહનચાલકો ભુવાનો ભોગ બની રહ્યા છે નગરપાલિકા તંત્રમાં વારંવાર રજુઆત કરવા છતાં તંત્રએ આંખ આડે કાન કરતા ભુવો પૂરવાની તસ્દી લીધી નથી રોડ પરથી પસાર થતા રાહદારીઓ અને વાહન ચાલકો ભુવાનો ભોગ ન બને તે માટે સ્થાનિકોએ સિમેન્ટની પાઈપમુકવા મજબુર બન્યા છે અને નગરપાલિકા તંત્ર દ્વારા તાત્કાલિક ભુવો પુરવામાં આવેની માંગ કરી તંત્રની કામગીરી સામે રોષ વ્યક્ત કર્યો હતો

# ભિલોડામાં ૨૨,૦૦૦ની માનવ વસતીને હાથમતી ડેમનું પાણી આપવાનું શરુ

બાયડ, તા.૨૯

અરવલ્લીના વેપારી મથક ભિલોડાનો વિકાસ થઈ રહ્યો છે. હાલ ભિલોડાની વસતી ૨૨,૩૦૦ને આંબી છે જેથી કેટલાક વિસ્તારોમાં પીવાના પાણીની ઉભી થયેલી મુશ્કેલી નિવારવા માટે પાણી પુરવઠા વિભાગ દ્વારા




હાથમતી ડેમનું પાણી આપવાની શરુઆત કરવામાં આવી છે. રહીશોને જરુરીયાત મુજબ પીવાનું પાણી મળી રહે તે માટે એસ.કે.-૪ યોજના હેઠળ રુ ૫.૩૦ કરોડનો ખર્ચ કરી ૪ સંપ અને ૪ ઓવરહેડ ટાંકી તૈયાર કરી પાણી વિતરણ શરુ કરવામાં આવ્યું છે. પાણી પુરવઠા વિભાગ દ્વારા ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં પાણી પુરવઠાની જૂથ યોજનાઓ કાર્યરત કરવામાં આવતાં ઉનાળા સમયે પાણીની ઉભી થતી મુશ્કેલીમાં ઘટાડો થયો છે. તાલુકા મથકોએ વધતી વસતીની સંખ્યાને ધ્યાનમાં રાખી વિભાગ દ્વારા જે વિસ્તારોમાં પાણીનો પૂરતો જથ્થો મળતો ન હોય ત્યાં તે વિસ્તારોને જૂથ યોજનાઓ સાથે સાંકળી સમસ્યા નિવારવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જેમાં ટ્રાયબલ વિસ્તાર ગણાતા ભિલોડા નગરમાં વસતીમાં વધારો થયા પછી કેટલાક સોસાયટી વિસ્તારોમાં પીવાનું પાણી પૂરતા ફોર્સથી મળતું ન હોવાની વિભાગ સમક્ષ સ્થાનિક ગ્રામ પંચાયત તેમજ આગેવાનો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. સ્થાનિક રહીશોને પીવાનું પાણી પુરુ પાડતા ૩૩ બોરમાં તબક્કાવાર રીતે પાણીનો સંગ્રહ ઘટ્યો હોવાના કારણે ઉભી થતી મુશ્કેલ સ્થિતિ નિવારવા માટે પાણી પુરવઠા વિભાગ દ્વારા એસ.કે.-૪ યોજના હેઠળ ભિલોડાના રહેવાસીઓને હાથમતી ડેમનું પાણી પુરુ પાડવા માટે આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૫.૩૦ કરોડના ખર્ચ સાથે રુબન યોજના ટાઉનમાં કાર્યરત કરવામાં આવી જેમાં ટૂંક સમયમાં સંપ તેમજ ઓવરહેડ ટાંકી તૈયાર કરી હાથમતી ડેમનું પાણી છોડીને હવે ભિલોડાના વિવિધ વિસ્તારોમાં પાણીનું વિતરણ છેલ્લા એક અઠવાડીયાથી શરુ કરવામાં આવતાં સ્થાનિક રહીશોએ રાહત અનુભવી છે.આસપાસના ૪૯ ગામોને પણ પાણીનો લાભ આપવામાં આવી રહ્યો છે.

# ધાનેરામાં મુસ્લિમ બિરાદરોના પવિત્ર તહેવાર બકરી ઈદની ઉજવણી



ધાનેરા તા.૨૯

ધાનેરા માં મુસ્લિમ બિરાદરોએ ઈદની નમાઝ પઢી એકબીજાને ગળે મળીને ઈદનો તહેવાર મનાવ્યો હતો. ધાનેરા શહેરની સુન્ની અજગરી મસ્જિદ ખાતે મૌલાના એ જયારે ધાનેરા શહેરના લાધાપુરા વિસ્તારમાં આવેલ અકબરી મદ્રેસા ઈદગાહ ખાતે ધાનેરાના શહેર કાજી બિલાલસાબે ઈદની નમાઝ પઢાવી હતી .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરાના સંવાદદાતા ભરત બી પરમાર નો અહેવાલ વધુમાં જણાવે છે કે , સમગ્ર દેશ અને દુનિયામાં શાંતિ અમન અને ભાઈચારો જળવાઈ રહે તેવી દુવાકરી હતી.મુસ્લિમ બિરાદરોએ પણ એક બીજાને ગળે મળીને ઈદની મુબારકબાદ આપી હતી ઈદની નમાઝમા ખુબજ બહોળી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદનીનમાઝ અદા કરવામા આવી હતી. ધાનેરા પોલીસ સ્ટેશનના પી.આઈ એ.કે.પટેલ દ્વારા પણ ખુબજ કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામા આવ્યો હતો અને શાંતિ પૂર્ણ માહોલમાં ઈદની ઉજવણી કરવામાં આવી હતી.

# ધાનેરા નગરપાલિકામાં નીતિ નિયમો નેવે મૂકીને અપાય છે શોપીંગો સેન્ટરો બનાવવાની મંજૂરી

## બાંધકામ શાખાનો કર્મચારી છેલ્લા ૧૦ વર્ષથી એક જ ટેબલ પર બેસીને વહીવટ કરી રહ્યો છે?

ધાનેરા તા.૨૮

ધાનેરા નગર પાલિકા હંમેશા તેના ગેરવહીવટ ને કારણે હંમેશા ચર્ચામાં રહી છે. ધાનેરા નગર પાલિકા દ્વારા હંમેશા વારંવાર પારદર્શક વહીવટ ની વાતો કરવામાં આવે છે. પણ આ પારદર્શક વહીવટ છે તો ક્યાં છે માત્ર ને માત્ર મોટી મોટી વાતો જ કરવામાં આવે છે .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે,ધાનેરા શહેરમાં બનતા મોટા ભાગના શોપિંગ સેન્ટરો માં ભ્રષ્ટાચારની ગંધ આવી રહી છે. આ તમામ શોપિંગો માટે તમામ નીતિ નિયમો? નેવે મૂકીને મંજૂરી આપવામાં છે !!!આ માટે શોપિંગ સેન્ટરોના માલિકો દ્વારા નગરપાલિકા સતાધિશો ને મોટી તગડી રકમ ચૂકવવામાં આવે છે ?તેવું લોકો દ્વારા જાણવા મળેલ છે. આ શોપિંગો સેન્ટરોમાં આકરણી ના પ્લાન મુજબનો નકશો વગેરે હોતું નથી છતાં પણ બાંધકામ મંજૂરી આપી દેવામાં આવે છે. આમ ધાનેરા નગર માં ભય વિનાનો ભ્રષ્ટાચાર થતો જોવા મળી રહ્યો છે સતાધીશો ને જાણ હોવાં છતાં જાણી જોઈને અજાણ બની રહ્યા છે!